અપીલ અરજી નં.૮૬ તા.૧૧–૭–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

## હુકમ:–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૬–૬–૦૮ ની અરજીથી રહેઠાણ વાળા વિસ્તારમાં કોઈ પણ પ્રકારના કારખાના નાગરીક ચાલુ કરે તો બીપીએમસી એકટની હેતુફેરની કલમ–૨૬૮ નવા મકાનમાં કારખાનું ચાલુ કરે તેને લાગુ પડે કે જુના મકાનમાં કારખાનં ચાલુ કરે તેને પણ બીપીએમસી એકટની કલમ–૨૬૮ લાગુ પડે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૬/–૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૬–૬–૦૮ ની અરજીથી રહેઠાણ વાળા વિસ્તારમાં કોઈ પણ પ્રકારના કારખાના નાગરીક ચાલુ કરે તો બીપીએમસી એકટની હેતુફેરની કલમ–૨૬૮ નવા મકાનમાં કારખાનું ચાલુ કરે તેને લાગુ પડે કે જુના મકાનમાં કારખાનું ચાલુ કરે તેને પણ બીપીએમસી એકટની કલમ–૨૬૮ લાગુ પડે તેની માહિતી આપવા બાબતે કરેલ અરજીમાં માંગેલ માહિતી કરતાં અલગ છે જેમાં વગર પરવાનગીએ વસવાટ કરે તો જ ૨૬૮ મુજબ કાર્યવાહી થઈ શકે તેવું જણાવેલ છે. તે માહિતી ખરેખર ખોટી આપવામાં આવેલ છે એવી રજુઆત કરીને એપેલેટ ઓફિસરને તા.૧૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં કોઈ વિલંબ/વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૭ તા.૧૮–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/૪૯૩ તા.૧–૮–૦૮ થી અત્રેના વિભાગને પૂરક માહિતીની વિગતો મળેલ છે જેની સાથે તેઓ કક્ષાએથી અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ આપી નવા અને જુના બંને પ્રકારના મકાનમાં વગર પરવાનગી વસવાટ કરેલા હોય તેને લાગું પડે તેવું પણ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ માહિતી પર્યાપ્ત છે જેથી અપીલ અરજી અંગે કોઈ અલાયદો હુકમ કરવાનો રહેતો નથી."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલમાટે
(૨)શ્રી હેમંત એન. દેસાઈ,